અપીલ અરજી નં.૧૪૨ તા.૩૦–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અબ્દુલગની અબ્દુલઅઝીઝ ટેલર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અબ્દુલગની અબ્દુલઅઝીઝ ટેલર ની તા.૩૧–૫–૧૧ની અરજીથી મુદ્દા નં .(૧) તા.૨૩–૨–૧૧ કાર્યપાલકને કરેલ અરજીનો જવાબ મુદ્દા નં. (૨) તા.૭–૩–૧૧ મ્યુ.કમીશનરને કરેલ અરજીનો જવાબ મુદ્દા નં. (૩) તા.૭–૩–૧૧ બાંધકામ સમિતિમાં કરેલ તમામ અરજીનો જવાબ હજુ સુધી મળ્યો નથી.વિ. ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૪૨/૨૦૧૧–૧૨

શ્રી અબ્દુલગની અબ્દુલઅઝીઝ ટેલર ની તા.૩૧–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) તા.૨૩–૨–૧૧ કાર્યપાલકને કરેલ અરજીનો જવાબ મુદ્દા નં. (૨) તા.૭–૩–૧૧ મ્યુ.કમીશનરને કરેલ અરજીનો જવાબ મુદ્દા નં. (૩) તા.૭–૩–૧૧ બાંધકામ સમિતિમાં કરેલ તમામ અરજીનો જવાબ હજુ સુધી મળ્યો નથી.વિ.ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./ ૪૧૬ તા.૨૦–૬–૧૧ થીઆપેલ માહિતી અપૂરતી તેમજ ખામીવાળી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે ત્રણેય અરજીઓ અંગે ખાતાએ કરેલ, નહીં કરેલ કાર્યવાહીની હકીકત મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૨૯ તા.૨–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૪૪ તા.૨૬–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની તા.૨૩–૨–૧૧ અને ૭–૩–૧૧ ના રોજ કમિ.શ્રી અને બાંધકામ સમિતિને કરેલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૧૬ તા.૨૦–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૩૧–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૪૧૬ તા.૨૦–૬–૧૧ થી અરજદારને આરટીઆઈ એકટ હેઠળ ફકત રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર નથી તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ સંતોષકારક જવાબ ન આપવાથી અરજદારે તા.૩૦–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે તેમને કરેલી અરજીઓ નોંધ નં.૨/૨૬૩૩ /એ–૧ મિલ્કતના માર્જીનની જગ્ગ્યામાં બાંધકામના ફરીયાદને લગતી અરજી કરેલ છે ફરીયાદને લગતી બાબતે અરજદારે સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે. અરજદારની સેન્ટ્રલઝોન ખાતે તા.૨૩–૨–૧૧ ના રોજ સ્વીકારાયેલ છે. તેમજ તા.૭–૩–૧૧ ની અરજી પણ મધ્યસ્થ કચેરી ખાતે સ્વીકારાયેલ છે. આથી આવી અરજી રેકર્ડ ઉપર હોવાનું અનુમાનિત છે. તેમજ તેવી અરજી અંગે થયેલી નહીં થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩૧/૫/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી અરજદારને સદર અરજી બાબતે કરેલ કાર્યવાહીની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા અને જો કોઈ જ કાર્યવાહી હાથ ન ધરી હોય તો તે અંગેની હકીકત જણાવવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવામાં આવે છે. અરજદાર કાર્યવાહીને લગતી માહિતી અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અબ્દુલગની અબ્દુલઅઝીઝ ટેલર,